# "વિશ્વાત્મા, એકાત્મા"

કાયાના બંધન બધા કાચા રે લોલ,

માન્યું મે મારું, કાંઈ હોય નહીં મારું.

સંસારને મેળે સહુ આવ્યા છે મહાલવા,

હું તું ને પેલા, બધા એકના એક,

સહુને મોકલ્યા એકે, ને સૌ એકના એક.

એકમાં મળીને એક થયા, સંસાર સાગર પાર,

શૂન્ય આ સંસાર, આગળ એક ઉમેર્યે એકજ થાય.

મ્હાંયલે બેઠો ભગવાન, ને શોધ્યું બહારં બહાર,

કેડમાં મારું છોરું ને ક્યાં ગયું મારું છોરું ?

મનસાગરના મોજા, ઉછળે વારંવાર,

ધ્યાન ધારણા સમાધિએ, સાગર આ શાંત થાય.

"માગ્યું તે મળ્યું" તે સુખ ના કહેવાય,

માંગવાનું ના મન થાય, સુખ તેને કહેવાય.

જાણો જો "હું કોણ?" તો બીજું છે જ કોણ?

હું, એ જ આતમ, સૌ નો આતમ એક.

લી.
ગ્લોબેલિઅન, વિશ્વાત્મા
ડો. ચૈતન્ય પટેલ

# વિશ્વાત્મા એકાત્મા (ભાવાર્થ)

આ દુન્યવી દુનિયામાં પરસ્પરના બંધનો હોય કે દેહના આત્મા સાથેના, બધા જ ક્ષણભંગુર......

આપણાં પોતાના સગાસબંધી હોય કે મિલ્કતો હોય, " આપણું " કાંઈ નહીં મળે " એટલે કે કશું પણ મારુ " સાથે લઈ જઈ શકાશે ખરું ?

આપણે સહુજન જન્મ લઈને આ પૃથ્વી ગ્રહ ઉપર ફરવા આવેલ યાત્રીકો જ છીએ. સૃષ્ટિના સર્જનહારના હાથે ઘડાયેલ દરેક જીવ માત્ર, એમની નજરે તો એક સમાન જ છે. આપણી દૈહિક ભ્રામિક નજરથી જોતાં જુદાપણું જણાય છે, આ સત્યને પચાવી જાણનાર પરમાત્માની સમીપે જ વસે છે.

કેડમાં તેડેલા બાળકને શોધવા વલખા મારતી પ્રેમાંધ " માં " જેવી હાલત આપણી છે. અંતરાત્મામાં વસેલ ને શરીરની બહાર શોધવાની દોડમ દોડ. ને વિચાર વગર જીવી જ ના શકનાર મન, વિચારોમાં જ જીવન વ્યતીત કરે છે અને આ મર્કટ મન ને સાધવાનો ઉપાય એટલે....

ધ્યાન.............ધારણા..........સમાધિ.

યાચનાઓ કરી કરી ને જોઈતું મળે તો તેને સુખ કહેવાય ખરું? જેને પરમકૃપાળુ ઈશ્વર ઉપર ભરોસો છે તેને કાંઈ પણ માંગવાનુ મન જ નથી હોતું અને આ જ સાચું સુખ છે. " આત્મનિષ્ઠને ઈચ્છાઓ હોતી નથી ".

જેને પણ "પોતે આત્મા જ છે" એવી અનુભૂતિ થઈ ગઈ છે એને માટે સંસારમાં "બીજું કોઈ" છે જ નહીં.

એકત્વ.....એકાત્મ....એ જ આત્મન.....

સહુ નો આતમ એક..... સહુ નો આતમ એક

હું જ સર્વે છું અને સર્વે તે પણ હું જ.

લી.

ગ્લોબેલિઅન, વિશ્વાત્મા

ડો. ચૈતન્ય પટેલ